**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૯/૧૧/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઉદ્યોગ સાહસિકોને પર્સનલ ઈફેકટીવનેસ અને ઈન્ટર પર્સનલ ઈફેકટીવનેસ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'લેટ્સ મેક ઇટ' વિષય ઉપર ટ્રેઇનીંગ સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગ સાહસિકો માટે વિવિધ નોલેજ બેઇઝ સેશનને વધુ રસપ્રદ બનાવવાના હેતુથી અઠવાડિયા સુધી ફિલ્મો આધારિત ટ્રેઇનીગ સેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શુક્રવાર, તા. ૧૮ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'લેટ્સ મેક ઇટ' વિષય ઉપર ટ્રેઇનીગ સેશન યોજાયું હતું. જેમાં સુરતના ચીફ કલ્ચરલ ઓફિસર અને નુકલીયસ કન્સલ્ટન્ટ સંજય પટેલે એક રૂકા હુઆ ફૈંસલા ફિલ્મમાંથી વિષયલક્ષી જરૂરી કન્ટેન્ટ અને પ્રેઝન્ટેશન થકી ઉદ્યોગ સાહસિકોને પર્સનલ ઇફેકટીવનેસ અને ઇન્ટર પર્સનલ ઇફેકટીવનેસ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

સંજય પટેલે જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકો માટે બિઝનેસમાં સફળતાની દિશામાં આગળ વધવા માટે નિર્ણયશકિત અગત્યની ભૂમિકા ભજવે છે. યોગ્ય નિર્ણય લઇને બિઝનેસમાં ઝંપલાવનાર ઉદ્યોગ સાહસિક અંતે સફળ થાય છે. બિઝનેસમાં તથા જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવતી હોય છે પણ સમય પર લેવામાં આવતો યોગ્ય નિર્ણય આ મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો રસ્તો પણ શોધી લે છે. નિર્ણય લેવા માટે અન્ય એક મુદ્દો અસર કરે છે અને એ છે દૃષ્ટિકોણ અથવા માન્યતા. આ બંને બાબતોને કારણે ઇમોશન ઇફેકટ થાય છે. આવા સમયે પ્રોપર

કોમ્યુનિકેશન જરૂરી હોય છે. ઉદ્યોગ સાહસિકોએ એના માટે કઇ કઇ બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ ? તેના વિષે તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.

વધુમાં તેમણે બિઝનેસ માટે સંબંધોની વાત કરી હતી. તેમણે કહયું હતું કે, કોમ્યુનિકેશનને કારણે તમારી વાત તમે સામેવાળી વ્યકિત સુધી પહોંચાડો છો. પણ સંબંધોને કારણે તમે તમારી વાત એના ગળે ઉતારી શકો છો. એના માટે કયા – કયા મુદ્દા ધ્યાને લેવા જોઇએ તે અંગે પણ તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી.

બિઝનેસમાં વર્ષોથી બની ગયેલી માન્યતાને દૂર કરવા માટે તેને અનુભવ કરાવીને અથવા તો પદ્ધતિસર સવાલોના માધ્યમથી નિરાકરણ લાવી શકાય છે. કયારેક બિઝનેસમાં મોટી રકમ માટે કામ કરીએ ત્યારે તેની ખાસ અસર થાય છે અને તેને કારણે ઉદ્યોગ સાહસિકોને બિઝનેસમાં નવું કરવા પ્રોત્સાહન પણ મળે છે.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન મૃણાલ શુકલએ સેશનમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની સોફટ સ્કીલ્સ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ચિરાગ દેસાઇએ વકતાનો પરિચય આપ્યો હતો. કમિટીના કો–ચેરપર્સન અમી નાયકે સેશનનું સમગ્ર સંચાલન કર્યું હતું. સેશનમાં વકતાએ વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.